(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૫૩૦/૨૦૧૩**
**આંક:– ૧૪૦**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– વ્રજલાલ પિતા/પતિનું નામ:– શંકરલાલ ધોળુ

ઉ.વ.:– ૬૫

ધંધો:– નિવૃત સરનામુ:– હળવદ તા.હળવદ જી.મોરબી

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૧) હું હળવદ મામલતદાર કચેરી ખાતે નાયબ મામલતદાર રેવન્યુ તરીકે તા.૧/૮/૨૦૦૩ થી તા.૧/૮/૨૦૦૭ સુધી ફરજ બજાવતો હતો. મારી ફરજમાં રેવન્યુને લગતે કામગીરીમાં ૬ નંબરની વેચાણની નોંધો તથા બીજી અન્ય તમામ નોંધોનો નિર્ણય કરવાનો તથા રેકર્ડ તપાસવાની કામગીરી કરવાની હોય છે. હળવદના સર્વે નંબર ૩૧૯ તથા ૩૩૯/પૈકી ૨ વાળી ખેતીની જમીન વેંચાણ થયેલ હોય અને તેની નોંધ નંબર ૧૦૮૬૨ તથા નોંધ નંબર ૧૦૮૬૬ રેવન્યુ રેકર્ડમાં દાખલ થઈ અમારી પાસે નીર્ણય માટે આવેલ. જેથી અમોએ તેનું ઉત્તરોતર રેકર્ડ તપાસેલું. જેમાં આ બંને સર્વે નંબરો સરકારશ્રીના ડુબ ખાતે ચાલતા હતા. જેનો ખાતા નંબર ૧૮૮૨ હતો. મેં ઉત્તરોતર રેકર્ડ તપાસતા તેમાં આગળની નોંધોમાં ચેકચાક થયેલાનું જણાઈ આવેલ જેથી મેં આ બંને નોંધો નામંજુર કરેલી અને આ બાબતેની જાણ મેં મામતલદાર સાહેબશ્રી હેરમા સાહેબ તથા નાયબ કલેકટરશ્રી રામાનુજ સાહેબને મૌખીકમાં જાણ કરેલી અને ત્યારબાદ આ બધુ રેકર્ડ તલાટી પાસેથી તથા ઈ–ધરા,હળવદ માંથી મામલતદાર સાહેબે લઈ લીધેલ. હળવદ તલાટી તરીકે વી.ટી.દવે અને ડી.વી.શેઠ હતા અને નાયબ મામલતદાર તરીકે ઈ–ધરા કેન્દ્રમાં વી.એમ.વલવાઈ હતા અને ઓપરેટર તરીકે હસમુખભાઈ પટેલ તથા પ્રશાંતભાઈ હતા. ત્યારબાદ મામલતદાર સાહેબે રેકર્ડની તપાસણી કરતા બીજા સર્વે નંબર ૧૧૧૫, ૧૧૭૧, ૧૫૭૬/પૈકી ૨, ૨૪૮૫ જે સરકાર ખાતે ચાલતા હતા તે ખાનગી નામે થઈ ગયેલા હતા. સર્વે નંબર ૩૧૯ તથા ૩૩૯/પૈકી ૨ સારબાઈ રહીમભાઈ ઘાંચીના નામે તથા સર્વે નંબર ૧૧૧૫ તથા ૧૧૭૧ પટેલ ગણેશભાઈ દેવજીભાઈના નામે તથા સર્વે નંબર ૧૫૭૬/પૈકી ૨ સવજીભાઈ નાનજીભાઈ દલવાડીના નામે તથા સર્વે નંબર

૨૪૮૫ પ્રેમજીભાઈ સોંડાભાઈ દલવાડીના નામે થઈ ગયેલા હતા. આ બાબતે મામલતદાર સાહેબશ્રી હળવદનાઓએ નાયબ કલેકટર,ધ્રાગંધ્રાને રીપોર્ટ કરેલ અને કલેકટર સાહેબશ્રી,સુરેન્દ્રનગરનાઓએ ઈન્ચાર્જ મામલતદારશ્રી એમ.એમ.ચાવડાને ફરીયાદ દાખલ કરવા હુકમ કરતા તેઓએ હળવદ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ આપેલી.

**આ તબ્બકે રીશેસ સમય થતા વધુ સરતપાસ માટે મુલતવી.**

સ્થળઃ– હળવદ.
તારીખઃ– ૨૯/૭/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.

**ફો.કેસ નં. :– ૫૩૦/૨૦૧૩**
**આંક–૧૪૦ નું સાંધણ**

**ફરી સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે વધુ સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૨) હળવદગામની નોંધ નંબર ૧૦૬૮૫ સર્વે નંબર ૧૧૧૫ વાળી અમારી પાસે નિર્ણય માટે આવતા અમોએ સંલગ્ન રેકર્ડ તપાસતા સદરહું સર્વે નંબર સરકારી ડુબનો હોવાનું જણાઈ આવતા આ નોંધ પણ નામંજુર કરેલ અને મામલતદાર સાહેબને મૌખીક જાણ કરેલી. પોલીસે મારુ નીવેદન નોંધેલું. આરોપીઓને જોયેથી ઓળખું છું. જે પૈકી તલાટી, નાયબ મામલતદાર તથા ઓપરેટરોને ઓળખું છું, જમીન લેનાર–વેંચનારને ઓળખતો નથી.

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી વાય.એન.મહેતા**

આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી બીમાર હોય મુદતની અરજી આપતા મુદત અરજી લગત સદર કેસ ટાર્ગેટેડ હોય હવે પછી મુદત તારીખ ૫/૮/૨૦૨૫ નાં રોજ ઉલટતપાસ કરવાની શરતે એક અંતીમ તક આપવાનો હુકમ કરી મુદત અરજી મંજુર કરી સાહેદની ઉલટતપાસ માટે મુલતવી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૯/૭/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*